# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** તા. ૧૩.૦૩.૨૦૧૧

* **ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ગુન્હાઓમાંથી બચવા માટે ગુજરાતની તિજોરી લુંટાવી રહયા છે.**
* **એસ.આઈ.ટી.ના ચેરમેન શ્રી આર.કે.રાઘવન અન અધિકૃત રીતે ગુજરાતની જનતાના પૈસે લંડન જલસા કરી આવ્યા.**
* **શ્રી આર.કે.રાઘવન તથા નિરા રાડિયાના કારણે રૂા. ૨૨૫૦ કરોડનું રોકાણ કરનાર ટાટાને ગુજરાતની સરકારે રૂા. ૯૫૭૦ કરોડની લોન આપી.**
* **શ્રી આર.કે.રાઘવનની લંડનયાત્રા તથા ટાટાને અપાયેલા ફાયદાની તપાસ થવા માંગ.**

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પોતે કરેલા ગુન્હામાં નામદાર સુપ્રિમકોર્ટ પાસે ખુલ્લા ના પડી જાય અને જેલમાં ના જવું પડે તે માટે ગુજરાતની પ્રજાની તિજોરી લુંટાવી રહયા છે. પોતાની સામે તપાસ કરતી એસ.આઈ.ટી.ના ચેરમેન શ્રી આર.કે.રાઘવનને રાજી રાખવા ગુજરાતને નુકશાન કરી રહયા છે. શ્રી રાઘવનને લંડન ફરવા જવા માટે ગુજરાતની પ્રજાના નાણાંમાંથી ટીકીટો ખરીદી દેવાનું પાપ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે. શ્રી રાઘવન પોતાની અંગત વિદેશયાત્રા માટે ગુજરાતની જનતાની તિજોરીનાં પૈસા વેડફી ન શકે તેવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની ઈચ્છાથી શ્રી રાઘવનને લંડન ફરવા જવાના ખર્ચના નાણાં ગુજરાતની તિજોરીમાંથી વપરાયા છે. રાજકોટ ખાતેની કોંગ્રેસ કાર્યકરોની રેલીમાં વિરોધપક્ષના નેતા શ્રી શકિતસિંહજી ગોહિલે ઉપરોકત હકિકતો આધારભૂત રીતે રજુ કરી હતી.

શ્રી આર.કે.રાઘવન ટાટા કંપનીમાં સાઈબર ક્રાઈમ વિભાગમાં મુખ્ય જવાબદારી માનદવેતન સાથે ભોગવતા હોવાના કારણે તેમજ શ્રી નિરા રાડિયા સાથે નરેન્દ્રભાઈ મોદીની નજીકતાના કારણે ટાટાના નેનો પ્લાન્ટ કે જેનું રોકાણ માત્ર રૂા. ૨૨૫૦ કરોડ છે તેને ગુજરાત સરકારે ૯૫૭૦ કરોડ રૂપિયા ૦.૧ ટકાના વ્યાજથી આપી દીધા છે. લોન પરત લેવા માટેનો પ્રથમ હપ્તા પણ ૨૦ વર્ષના લાંબા ગાળા પછી પછી શરૂ થાય છે. શ્રી આર.કે.રાઘવન અને ટાટા કંપનીને અપાયેલા ફાયદાઓની તટસ્થ તપાસ થવાની પણ શ્રી ગોહિલે માંગણી કરી છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

(જે.જે. રસાણીયા)
અંગત મદદનીશ